# પ્રાંતિજમાં 'હવે બંધ, હવે બંધ'નું લખાણ લખાયું

## રાત્રીના સમયે કોઇ અજાણ્યા વ્યક્તિએ હવે બંધ, હવે બંધનું ચિતરામણ કર્યું

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભાખરીયા બસ સ્ટેશનથી રેલ્વે સ્ટેશન સુધીના માર્ગ ઉપર રાત્રીનાં નગરજનોમાં તથા શાળાએ આવતાં વિદ્યાર્થીઓ તથા ઓફિસમાં આવતાં સરકારી કર્મચારીઓ સહિત લોકોમાં હવે બંધ, હવે બંધને લઈને ચર્ચાઓએ જોર




સમયે હવે બંધ, હવે બંધનું લખાણ લખાતા પ્રાંતિજ ખાતે ટોપ એન્ડ ટાઉન બન્યો હતો. હવે બંધ, હવે બંધ એટલે શું !

મહેસાણા બાદ પ્રાંતિજમાં પણ પ્રાંતિજના હાર્દ સમાન ભાખરીયા બસસ્ટેન્ડથી રેલ્વે સ્ટેશન માર્ગ ઉપર આવેલ શૈક્ષણિક સંસ્થાઓ જેમાં શેઠ.પી.એન્ડ આર હાઈસ્કુલ, વી.એસ.રાવલ પીટીસી કોલેજ, તાલુકા પંચાયત, પશુદવાખાનુ, સોલંકી છાત્રાલય તથા કેબીન ઉપર હવે બંધ, હવે બંધનું લખાણ લખાતા પકડ્યું છે.

આ અંગેની જાણ પ્રાંતિજ પોલિસને જાણવા જોગ ફરીયાદ થતાં પ્રાંતિજ પી.આઇ. વી.આર. ચાવડા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ અજાણ્યો યુવક સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. યુવક કોણ છે અને કેમ લખાણ લખ્યું તે તો પોલિસના હાથ લાગે ત્યારેજ ખબર પડશે. ત્યારે હાલ તો દિવાલો ઉપર ચીતરામણને લઈને પ્રાંતિજમાં મુદ્દો ટોપ એન્ડ ટાઉન બન્યો છે.



**ભિલોડાની આર.જે. તન્ના પ્રેરણા મંદિર યન્ડર-૧૯ હેન્ડબોલમાં જિલ્લામાં પ્રથમ**

ભિલોડાની આર.જે. તન્ના પ્રેરણા મંદિર તાજેતરમાં યુ-૧૯ હેન્ડબોલની સ્પર્ધા યોજાઈ. જેમાં ફાઈનલ રાઉન્ડમાં સૈનિક સ્કૂલ ખેરંચા આવેલ હતી. જેની સામે ૮-૨ થી આર.જે. તન્ના પ્રેરણા મંદિર વિજયી થઈ હતી. સમગ્ર સ્પર્ધાનું આયોજન શાળાના વ્યાયામ શિક્ષક ડી.આર. ચૌધરી તથા પી.આર. પટેલે કર્યુ હતુ.

# અરવલ્લી જિલ્લાની ૧૯૩ એ+ અને ૮૯૨ એ ગ્રેડ ગુણોત્સવમાં આપી પ્રાથમિક શાળાના કથળેલા શિક્ષણ પર પડદાનો પ્રયાસ

મોડાસા, તા. ૨૬

રાજ્ય સરકાર હસ્તકની પ્રાથમિક શાળાઓમાં સતત કથળતા શિક્ષણના સ્તરને સુધારવા અને ગુણવતા સુધારા અંતર્ગત ચાલુ વર્ષે ગુણોત્સવ-૮ યોજાયો હતો જેમાં અરવલ્લી જીલ્લાની ૧૨૮૮ પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ યોજવામાં આવ્યો હતો. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી દ્વારા ગુણાત્મક સુધારણમાં સફળતા મળી હોવાની સાથે ૧૯૩ એ+ શાળાઓ ગ્રેડ, ૮૯૨ એ ગ્રેડ, ૧૮૦ બી ગ્રેડ, ૨૨ સી અને ૬ શાળાઓને ડી ગ્રેડ મેળવ્યો હતો અને જીલ્લાના પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધર્યુ હોવાના દાવાઓ વચ્ચે જીલ્લાની પ્રાથમિક શાળાઓનું શિક્ષણ કથળ્યું હોવાનું અને બાળકોને લેખન, ગણન અને વાંચનમાં પણ યોગ્ય રીતે આવડતું નથી અને અંગ્રેજી વિષયમાં તો બાળકોને એબિસિડી પણ બોલવામાં અને ઓળખવામાં પણ થાપ ખાતા હોવાનું ગામલોકો દ્વારા જાણવા મળ્યું હતું. સરકાર સામે ગ્રામ્ય વિસ્તારના જાગૃત લોકોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે હાલનું પ્રાથમિક શિક્ષણ ખાડે ગયું છે અને સરકારી તાયફાઓમાંથી શિક્ષકો અધ્ધર નથી આવતા અને મોટા ભાગના શિક્ષકો તેમના બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવા મોટા શહેરો અને તાલુકા મથકની ખાનગી શાળાઓમાં અભ્યાસ કરાવવા



અપ-ડાઉન કરતા હોવાથી સમયસર આવતા ન હોવાનું જણાવી ગ્રામ્ય વિસ્તારના બાળકોને અન્યાય કરી રહ્યા હોવાનો બળાપો ઠાલવ્યો હતો.

અરવલ્લી જીલ્લામાં પ્રાથમિક શિક્ષણનું ગુણોત્સવ-૮માં સુધર્યુ હોવાના દાવાઓ વચ્ચે વાસ્તવિકતા એ પણ છે કે જીલ્લાના શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હજ્જારો બાળકોને હજુ પણ લેખન, વાંચન અને ગણન આવડતું નથી. ઘણી શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ પણ નથી.

ગુણોત્સવ-૮માં અપાયેલી ગ્રેડ સિસ્ટમમાં પણ ધુપ્પલ ચલાવવામાં આવ્યું છે. એ ગ્રેડમાં સમાવેલી શાળાઓના શિક્ષણ બાબતે કેટલાક ગામડાઓમાં આશ્ચર્ય સર્જાયું છે. જાગૃત નાગરિકોના જણાવ્યા અનુસાર એ ગ્રેડ મેળવેલ શાળાઓ અને શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં જમીન આસમાનો વિરોધાભાસ જોવા મળશે. પ્રાથિમિક શિક્ષણના કથળતા શિક્ષણ પર ગુણોત્સવમાં અપાયેલ ગ્રેડ રાજ્ય સરકાર અને પ્રાથમિક જીલ્લા શિક્ષાનિધિકારી કચેરી દ્વારા પડદો નાખવાનો પ્રયાસ જણાવી ગ્રામ્ય વિસ્તારના બાળકોનું શિક્ષણ સુધારે તે માટે યોગ્ય દિશામાં પગલાં ભરવાની માંગ કરી હતી.

જીલ્લાની પ્રાથિમક શાળાઓના શિક્ષણના સતત કથળતા જતા સ્તર અને ખાનગી શાળાઓની લોભામણી જાહેરાતોના પગલે સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારની મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં ગરીબ અને જરૂરિયાતમંદ બાળકો અને ખેતરોમાં ભાગીયા તરીકે આવતા દાહોદ, મહીસાગર જીલ્લા અને અન્ય રાજ્યના મજૂરી અર્થે આવતા પરિવારના બાળકો જ અભ્યાસ અર્થે આવતા હોવાની સાથે ભૂતિયા બાળકો પણ શાળાઓમાં દર્શાવતા હોવાની માહિતી શિક્ષણ વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

## અરવલ્લી જિલ્લામાં પશુપાલન ખાતાની સહાયકારી યોજનાઓ માટે ઓનલાઈન ડ્રૉ યોજાયો

ગુજરાત સરકાર દ્વારા પશુપાલકો ઘરબેઠાં પશુપાલન ખાતાની સહાયકારી યોજનાઓના લાભ મેળવે તે હેતુ આઈ ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી મેળવી લાભ આપવા સઘન પ્રયત્નો થઈ રહ્યા છે. આ સંબંધમાં અરવલ્લી જિલ્લમાં પશુપાલકોને વિવિધ સહાયકારી યોજનાઓના લાભ માટે લાભાર્થી પસંદ કરવાની કાર્યવાહી કરવા માટે ઓનલાઈન ડ્રૉ યોજવામાં આવેલ હતો. જેમાં કુલ ૧૭૫૦ પશુપાલકોને ૨૫ યોજનાઓમાં લાભ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

# અરવલ્લી ૧૮૧ અભયમ ટીમે નિ:સહાય ૭૫ વર્ષીય વૃદ્ધાને ગાંધીનગરથી સહીસલામત ઘરે પહોંચાડ્યા

ભિલોડા તાલુકાના શામળાજી ગામના વાલ્મિકી સમાજના વૃદ્ધા તેમના પરણિત પુત્ર સાથે ગાંધીનગરમાં વસવાટ કરતા હતા, પરંતુ તેમના પુત્રવધુના શારીરિક અને માનસિક ત્રાસના પગલે ઘર છોડી ગાંધીનગર ચ રોડ પર નિસહાય બેઠેલા જોતા અને વૃદ્ધાની માનસિક હાલત કથળેલી જણાતા અહીંથી પસાર થતા જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ અભયમ ટીમને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી વૃદ્ધા મહિલાનું કાઉન્સલીંગ કરાતા મહિલા અરવલ્લી જિલ્લાની હોવાની માહિતી મળતા અરવલ્લી જીલ્લા ૧૮૧ અભયમ ટીમે મહિલા સોંપવામાં આવતા જીજ્ઞીશા પટેલ અને કોન્સ્ટેબલને મળી વૃદ્ધા મહિલા ધનીબેનના પરિવારજનોનો સંપર્ક કરી તેમની દીકરી સાબરકાંઠા જીલ્લાના



આગીયોલ ગમે રહેતા લાલીબેનનો સંપર્ક કરી વૃદ્ધ મહિલાને તેમની દીકરીને સહીસલામત સોંપ્યા હતા. વૃદ્ધ મહિલાની સાર સંભાળ રાખવા અને કાળજી લેવાની અને ફરીવાર વૃદ્ધ મહિલા ઘર પરિવાર છોડવા મજબુર ન બને તેનું ધ્યાન રાખવા ટકોર કરી હતી.

# માલપુર તાલુકાના ખેડૂતોએ તેમની પડતર માંગણીઓ માટે આવેદનપત્ર

માલપુર, તા. ૨૬

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના ખડૂતોએ ગુરુવારે માલપુર તાલુકાના મામલતદારને આવેદનપત્ર આપી સને ૨૦૧૮-૧૯ના વર્ષનું ચોમાસા ખરીફ પાકોનું પાણી પત્રક તમામ રેવન્યુ તા.ક. મંત્રીઓ મારફતે કરાવી ૭-૧૨ના ઉતારામાં પાણીપત્રકની નોંધ આવી જાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ જેથી ખેડૂતોને સરકારના જાહેર કરાયેલ ટેકાના ભાવમાં પાક વેચવામાં મુશ્કેલી ન પડે. તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા, ખેડૂતોને પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના મરજિયાત કરવા અને વીમો લેનાર ખેડૂતોને પાક નિષ્ફળ જાય તો સત્વરે વિમાની રકમ મેળવી જોઈએ.

માલપુર માર્કેટયાર્ડમાં વેપારીઓ ખેડૂતોનો પાક હરાજી કર્યા વગર સીધી ખરીદી કરતા હોવાંથી આગામી સીઝનમાં વેપારીઓ ખેડૂતોનો પાક હરાજી દ્વારા ખરીદી કરે. વેપારીઓ અને માર્કેટયાર્ડના વેપારીઓ દ્વારા ખેડૂતોનું શોષણ કરી ટેકાના ભાવ કરતા ખુબજ નીચા ભાવે ખરીદી કરી ખેડૂતો સાથે અન્યાય કરવામાં આવતો હોવાની સાથે સરકાર દ્વારા વિવિધ ખરીદકેન્દ્રો પર ટેકાના ભાવે ખરીદ કરેલ પાકના નાણા સમયસર મળી રહે અને ખેડૂતોનો પાક બજારમાં વેચાણ અર્થે આવ્યા બાદ ટેકાના ભાવે ખરીદકેન્દ્ર શરુ કરવાના બદલે પંદર દિવસ અગાઉ શરુ કરવાની માંગ સહીત વિવિધ પડતર પ્રશ્નો અંગે રજુઆત કરી સરકારશ્રી સુધી માંગણીઓ પહોંચાડવા આવેદનપત્ર આપ્યું હતું. જેમાં માલપુર તાલુકાના ખેડૂત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

